જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૫/૦૬/૨૦૧૬ રવિવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૦૩૯/૧૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૧ કેસ કરી, ૧૭ વ્યક્તિઓને ઝડપી, ૩૪ લીટર દેશી દારૂ, ૭૭ બોટલ ઈંગ્લીશ દારૂ, ૮૬ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ અને ૧૮ બિયર ટીન કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૦૪૦/૧૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૩૭૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧૮ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**અપહરણઃ-** **સમાચાર યાદી નં.૧૦૪૧/૧૬**

**કૃષ્ણનગરઃ** ગાયત્રીબહેન અમરતભાઈ કોષ્ટી (ઉ.વ.૧૬) (રહે.રાજીવપાર્ક વેરાના કાંઠે સરદારા ચોક પાસે કૃષ્ણનગર) ને તા.૩/૬/૧૬ કલાક ૧૨/૦૦ વાગ્યાના સુમારે ઘર નજીકથી આરોપી સચિન (જેના પુરા નામની ખબર નથી) (રહે.ગોકુલ ગેલેક્ષી ફ્લેટ કઠવાડા રોડ નરોડા) લગ્ન કરવાની લાલચ આપી લલચાવી ફોસલાવી જારકર્મ કરવાના ઈરાદે ભગાડી લઈ ગયો છે. આ અંગેની ફરીયાદ ગાયત્રીબહેનના પિતા અમરતભાઈ કોષ્ટીએ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી સી આર સંગાડા ચલાવે છે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૧૦૪૨/૧૬**

**મણીનગરઃ** ચેતન સીબધી અગ્રવાલ (રહે.ચોક્સીની ચાલી ગેટ નંબર-૩ અમરાઈવાડી) એ મણીનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૩/૬/૧૬ રાતના ૧૧/૩૦ થી તા.૪/૬/૧૬ કલાક ૬/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન સ્વામિનારાયણ મંદિર સામે દિપેન પાન પાર્લર નામની દુકાનના દરવાજાની સ્ટોપર તોડી અજાણી વ્યક્તિ દુકાનમાંથી સિગારેટના પેકેટ કિમત રૂપિયા ૨૪,૧૧૨/- અને રોકડ રૂપિયા ૨૩,૮૫૬/- મળી કુલ રૂપિયા ૪૭,૯૬૮/- મતા ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એન જી ચૌધરી ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૧૦૪૩/૧૬**

**સેટેલાઈટઃ** પાર્થ મુકેશભાઈ દવે (રહે.રામેશ્વર એપાર્ટમેન્ટ યોગાશ્રમ સોસાયટી પાસે કેન્યુગ ચાર રસ્તા સેટેલાઈટ) એ સેટેલાઈટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૪/૬/૧૬ કલાક ૭/૩૦ થી ૭/૪૫ વાગ્યા દરમ્યાન પોતાના મકાનમાં પ્રવેશ કરી અજાણી વ્યક્તિ ઘરમાંથી લેપટોપ નંગ-૩ અને મોબાઈલ ફોન નંગ-૪ મળી કિમત રૂપિયા ૭૭,૫૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એ ડી ભટ્ટ ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**<u>સોનાનો દોરો ખેચી તોડી લઈ ગયાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૦૪૪/૧૬</u>**

**નવરંગપુરાઃ** જીગર પ્રવિણચંદ્ર ગોહેલ (ઉ.વ.૨૮) (રહે.મલય હિલ્સ યોગેશ્વર કુટીરની પાછળ જી.એસ.ટી. ફાટક પાસે ન્યુ રાણીપ) તા.૪/૬/૧૬ રાતના ૧૦/૦૦ વાગ્યાના સુમારે નવરંગપુરા કોમર્સ છ રસ્તાથી સ્વસ્તિક ચાર રસ્તા તરફ જતા ઝાલાવાડી હોસ્ટેલ નજીકથી એક્ટીવા ચલાવી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ જીગર ગોહેલના ગળામાંથી સોનાના બે દોરા કિમત રૂપિયા ૩૬,૦૦૦/- ખેચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ જીગર ગોહેલે નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એમ એમ માલીવાડ ચલાવે છે.

**ઓઢવઃ** કિરણબહેન ગીરીશભાઈ પટેલ (ઉ.વ.૪૮) (રહે.કમલપુજા હાઉસ બંગલોઝ દર્શન સોસાયટી પાસે બળીયા દેવ પાર્ટી પ્લોટ સામે ઓઢવ) તા.૩૧/૫/૧૬ કલાક ૬/૧૫ વાગ્યાના સુમારે ઓઢવ પારસ સોસાયટી નજીકથી ચાલતા પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ કિરણબહેના ગળામાંથી સોનાનો દોરો કિમત રૂપિયા ૩૦,૦૦૦/- ખેચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ કિરણબહેન પટેલે તા.૪/૬/૧૬ નારોજ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એસ એમ પટેલ ચલાવે છે.

**<u>વાહન ચોરીઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૦૪૫/૧૬</u>**

**વટવાઃ** ધવલગીરી દેવેન્દ્રગીરી ગોસ્વામી (રહે.જીવણપાર્ક સોસાયટી સમ્રાટનગરની બાજુમાં ઈસનપુર) એ વટવા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૩/૬/૧૬ રાતના ૧૧/૦૦ વાગ્યાના સુમારે સહજાનંદ કોમ્પલેક્ષ ઈમેજ સ્કૂલની નજીક ઘોડાસર જીવન વીમા યોજનાની ઓફીસ નજીક પાર્ક કરેલ પોતાની કાર કિમત રૂપિયા ૮,૦૦,૦૦૦/- અજાણી વ્યક્તિ ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ નારોલ પોલીસ ચોકીના પો.સ.ઈ.શ્રી ચલાવે છે.

**<u>સ્લેબ તુટતા દટાઈ જતા મૃત્યુઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૦૪૬/૧૬</u>**

**કાલુપુરઃ** મુકેશભાઈ ચિમનભાઈ દેસાઈ (રહે.સરૈયાપોળ ની બાજુમાં ટંકશાળ કાલુપુર) તા.૨/૬/૧૬ સાંજના ૬/૦૦ વાગ્યાના સુમારે ઘરનો સ્લેબ તુટી પડતા મુકેશભાઈ દટાઈ જતા તેમનુ મૃત્યુ નિપજયું હતુ. આ અંગે કાલુપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પોસઈશ્રી આર ડી મકવાણા ચલાવે છે.

**<u>આત્મહત્યાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૦૪૭/૧૬</u>**

**માધવપુરાઃ** ધમિનિબહેન રાજેશભાઈ કોરી (ઉ.વ.૧૮) (રહે.મેડાવાળી ચાલી તાવડીપુરા દુધેશ્વર માધવપુરા) એ કોઈ કારણસર તા.૪/૬/૧૬ સાંજના ૬/૧૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે માધવપુરા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી વી એમ ઝાલા ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)